## પ્રાથમિક શિક્ષકોને અન્યાય બંધ કરો

# જિલ્લામાં આંતરિક બદલી કૅમ્પમાં વધમાં પડેલા શિક્ષકોને સિનિયોરીટી ગણવામાં અન્યાય

### ૧૮૦થી વધુ શિક્ષકોનું હિત ન જોખમાય તે જોવા રજુઆત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ સાબારકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિદાય થયેલા વર્ષ-૨૦૨૦માં કોરોના અને ત્યાર પછી સૌથી વધુ ચર્ચામાં હોય તો પ્રા.શિક્ષકોનો વધ-ઘટ બદલી કૅમ્પ ગણી શકાય. ગત ડિસેમ્બર મહિનામાં ઓછી વિદ્યાર્થી સંખ્યાના કારણે ૧૮૦થી વધુ શિક્ષકોનું અન્ય તાલુકામાં બદલી કરવામાં આવી હતી. જેથી નારાજ થયેલ કેટલાંક પ્રા.શિક્ષકોએ રાજ્યના શિક્ષણ વિભાગના દ્વાર ખટખટાવ્યા હતા. ત્યાંથી અપેક્ષા મુજબ કોઈ ન્યાય ન મળતાં નારાજ થયેલા પ્રા.શિક્ષકોએ નામદાર હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. ન્યાય માટે કોર્ટમાં જવું ગુન્હો હોય તેમ અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૪૭ પ્રા.શિક્ષકોના ૨ મહિનાથી પગાર અટકાવી શિક્ષક પરિવારોના નિસાસા લઈ રહ્યા છે ત્યાં રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગે આંતરિક બદલી કૅમ્પમાં વધમાં પડેલા પ્રા.શિક્ષકોની મૂળ શાળાની સિનિયોરીટી ગણવાને બદલે વધની શાળામાં હાજર થયાની તારીખથી સિનિયોરીટી ગણવાનો હળાહળ અન્યાયકારી નિર્ણય લેતા પ્રા.શિક્ષક આલમમાં રોષ જોવા મળ્યો છે.

રાજ્યમાં સૌથી વધુ અન્યા પ્રા.શિક્ષકોને થઈ રહ્યો છે છતાં તેમના માટે બોલવા માટે કોઈ તૈયાર નથી. બદલી કૅમ્પથી માંડી અન્ય બાબતે પ્રા.શિક્ષકોન. અન્યાય થવાના ઈતિહાસ લખી શકાય તેવી વિગતો દર વર્ષે સામે આવી છે. સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછી હાજરી માટે પ્રા.શિક્ષકોને જવાબદાર ગણવામાં આવે છે તો બીજી તરફ સરકાર સ્વનિર્ભર શાળાઓને પ્રોત્સાહન આપે છે. એક રીતે સરકારના શિક્ષણ વિભાગની કૂટનીતિ પ્રા.શિક્ષકોને વારંવાર મુશ્કેલીમાં મૂકે છે. કોરોનાના કપરાં કાળમાં પ્રા.શિક્ષકોના વધ-ઘટ બદલી કૅમ્પ મે-૨૦૨૧માં યોજી શકાયા હોત પરંતુ પ્રા.શિક્ષકોને હેરાન કરવાની જેમની માનસિકતા છે તેમાં કોઈ સુધારો થાય તેવું દેખાતું નથી. બદલી કૅમ્પ ૬ મહિના મોડા કર્યા હોત તો મોટાભાગના તાલુકાના પ્રા. શિક્ષકોના વધનો પ્રશ્ન હલ થયો હોત અને કોરોનામાં શિક્ષણને કોઈ માઠી અસર થવાની ન હતી અને હવે આંતરિક બદલી કૅમ્પમાં પ્રા. શિક્ષકોને સિનિયોરીટી ગણવા મુદ્દે અન્યાયકારી નિર્ણય લેવાયો છે. તો પરિપત્ર તાબડતોબ પાછો ખેંચાય તેવી રજુઆતો થઈ રહી છે.

## ઝાપટે ચડેલા અધિકારીઓને કેમ નથી દેખાતું..!

# રખિયાલ નદીમાં રોયલ્ટી પાસ વગર રેતી-કાંકરાનું ખોદકામ ગેરકાયદે ખનિજ ભરી દોડતાં ટ્રેક્ટરો તંત્રને દેખાતાં નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ મોડાસા તાલુકાના રખિયાલની મેશ્વો નદીમાં રોયલ્ટી પાસ વગર રેતી અને કાંકરાનું રાત-દિવસ ખોદકામ થઈ રહ્યું છે. ગેરકાયદેસર ખનિજ ભરીને દોડતાં ટ્રેક્ટરો તંત્રને દેખાતાં ન હોવાથી નદીના પટમાં આડેધડ ખોદકામથી મોતના કૂવા ઉભા થઈ ગયા છે. મોડાસા મામલતદાર કચેરી તેમજ સ્થાનિક ગ્રામ પંચાયતના સત્તાધિશો ખનિજ ચોરો સાથે ભળી ગયા હોય તેમ કોઈ કાર્યવાહી થતી ન હોવાથી પ્રજા પણ આશ્ચર્ય અનુભવી રહી છે. વગર પાસ પરમીટનાં ટ્રેક્ટરોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થઈ રહ્યો છે અને ગેરકાયદેસર રેતી તેમજ કાંકરાનું ખોદકામ થયા પછી બાંધકામ સાઈટો ઉપર રોયલ્ટી પાસ વગરની ખનિજ ઠલવાઈ રહી છે. તાજેતરમાં જ સાદી રેતીની ખનીજ ચોરી કરી ટ્રક ચાલક ખાણ-ખનીજ વિભાગના અધિકારીને ધમકી આપીને ભાગી ગયો હતો. ત્યારે ઝાપટે ચડેલા અધિકારીને પોતાના નાક આગળ ચાલતી ખનીજ ચોરી કેમ દેખાતી નથી ?

ચોમાસા દરમ્યાન નદીઓ બેકાંઠે વહેતી થતાં માત્ર ઈજારદારોને જ નિયત કરેલ બ્લોકમાં રેતી તેમજ કાંકરો ખોદકામ કરવાની છૂટ આપવામાં આવી હતી પરંતુ શિયાળાના આરંભ સાથે જ બેકાંઠે વહેતી નદીઓ સૂકીભઠ્ઠ બનતાં હવે નદીના પટમાં ગેરકાયદેસર ખનિજ ખોદકામની પ્રવૃત્તિમાં વધારો થયો છે. તંત્રએ ખનિજ ચોરો સામે ઘણા સમયથી આંખ મિચામણાં શરૂ કર્યાં છે જેના કારણે આડેધડ ખોદકામથી લોકમાતા નદીઓ કદરૂપી બની છે. મોડાસા તાલુકાના રખિયાલ નજીકથી પસાર થતી મેશ્વો નદીમાં છેલ્લા કેટલાય દિવસથી ગેરકાયદેસર રેતી-કાંકરાનું ખોદકામ થઈ રહ્યું છે અને ધોળે દિવસે ટ્રેક્ટરોમાં ખનિજ ભરી મોડાસા તેમજ આસપાસમાં ચાલતી બાંધકામની સાઈટો ઉપર ઠાલવવામાં આવી રહ્યું છે. કાયદેસરની લીઝ કરતાં પણ વધુ મેટ્રીકટન જથ્થો ગેરકાયદેસર રીતે બારોબાર વહન થઈ રહ્યો છે છતાં જવાબદાર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગામના જાગ્રત નાગરિક પંકજ પ્રણામીના જણાવ્યા અનુસાર રાત-દિવસ નદીના પટમાં રોયલ્ટી પાસ વગર ટ્રેક્ટરો દોડાદોડી કરી રહ્યાં છે અને ગ્રામ પંચાયતના સત્તાધિશો આ હેરાફેરી નજરે જોતા હોવા છતાં કોઈ પગલાં ભરાતાં ન હોવાથી હમણાંથી ગેરકાયદેસર ખનિજ ખોદકામની પ્રવૃત્તિ વધી છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ

# મોડાસા મામલતદાર એપેન્ડીક્સનું ઓપરેશન કરાવ્યાના ૪૮ કલાક બાદ ફરજ પર હાજર

મોડાસા, તા. ૯ સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓનો ધમધમાટ શરુ થઈ ગયો છે ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શતા અને શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પૂર્ણ થાય તે માટે ચૂંટણીપંચ અને વહીવટી તંત્ર સજ્જ બનતું હોય છે કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ ચૂંટણીની કામગીરીથી દૂર રહેવા અનેક બહાના બનવતા હોય છે ત્યારે મોડાસા મામલતદાર તરીકે ફરજ બજાવતા અરુણદાન ગઢવી એપન્ડીક્સનું ઓપરેશન કરાવ્યાના ૪૮ કલાક બાદ ફરજ પર હાજર થતા અને ચૂંટણીલક્ષી કામગીરી જોતરાતા અધિકારીઓ અને કર્મચારીઓએ સરાહના કરી હતી.

સ્થાનીક સ્વરાજયની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે અધિકારીઓ પર ચૂંટણીલક્ષી કામગીરી વધી જતી હોય છે, એવામાં મોડાસાના મામલતદાર અરૂણ ગઢવી, પોતાની જવાબદારી નિભવવા એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. ચૂંટણીની પ્રક્રિયા સમયે ૬ ફેબ્રુઆરીએ મામલતદાર અરૂણદાન ગઢવીને એપેન્ડીકશનો દુખાવો થયો, ડોકટરની તપાસ કરાવતા એપેન્ડીક્સનું ઓપરેશન કરાવવા માટેની સલાહ આપી.ઓપરેશન કરાવ્યાના ૪૮ કલાક પછી રાબેતા મુજબ પોતાની ફરજ પર હાજર થઈ ગયા હતા અને ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દીધી હતી આજથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ફોર્મ વિતરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હતી, ત્યારે ડોકટરની સલાહ લીધા બાદ મામલતદારે પોતાની જવાબદારી નિભાવવા ફરજ પર હાજર થયા હતા.



## મોડાસામાં એમ્બ્યુલન્સ સેવા માટે રૂા.૪.૫૧ લાખનું દાન

**ઓનેસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટને ચેક અર્પણ કરાયો**

મોડાસા, તા.૦૯ મોડાસામાં ઓનેસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત એમ્બ્યુલન્સ સેવા માટે દાતા જનાબ હાજી યુસુફભાઈ એ. મેઘરેજી તરફથી રૂા.૪,૫૧,૦૦૦નું દાન આપવામાં આવ્યું છે. તા.૮ના રોજ દાતાના હસ્તે એમ્બ્યુલન્સ નામકરણ પેટે ચેક અર્પણ



કરવામાં આવ્યો હતો જેમાં ઓનેસ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ મોડાસાના હોદ્દેદારો ઉપરાંત પટણી સુન્ની કોમ બાવાહીર મોડાસા જમાતના પ્રમુખ જનાબ હાજી મંજુરહુસેન દાદુ, ટ્રસ્ટના પ્રમુખ સલીમભાઈ મેઘરેજી, બાંધકામ કમીટીના ચેરમેન હાફીઝ રઈસ અહેમદ સફરી, ટ્રસ્ટ સભ્ય ગુલમહૂસેન બારીવાલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. મેઘરેજી પરિવાર તરફથી ૫ વર્ષ અગાઉ એમ્બ્યુલન્સનું નામકરણ કરી દાન આપવામાં આવ્યા પછી જાહેર જનતા તેનો વધુ લાભ લે તે માટે એમ્બ્યુલન્સ સેવાના વિસ્તૃતિકરણ માટે વધારાનું દાન આપવામાં આવ્યું છે.

# શિક્ષણ અને સમાજસેવાના ભેખધારી અનિલ પટેલના પુસ્તક આધારિત ઈ-કાર્યક્રમ યોજાયો : દેશવિદેશથી અનેક લોકો જોડાયા

અમદાવાદ, તા. ૯ 'અનિલભાઈ પટેલે પોતાના પિતાશ્રી ત્રિભુવનભાઈના પગલે સમાજ ઉત્કર્ષ માટે શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવાથી શરુ કરીને અનેક કાર્યો કર્યાં. તેઓ વહેલા ગયા, નહીંતર હજી ઉત્તર ગુજરાતના ઉત્કર્ષ માટે ઘણું નવું કરવાનું તેમના મનમાં હતું.' આ શબ્દો જાણીતા સાહિત્યકાર અને જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીર ચૌધરીએ કહ્યા હતા. તેમણે સમગ્ર પટેલ પરિવારની સામાજિક પ્રતિબધ્ધતાને બિરદાવી હતી.

**'પિતાના પગલે અનિલભાઈ પટેલે પણ સમાજ ઉત્કર્ષ માટે આજીવન કાર્ય કર્યું' : રઘુવીર ચૌધરી : ગણપત યુનિવર્સિટીના સ્થાપક, પૂર્વ ઉદ્યોગમંત્રી, અનેક સંસ્થાઓના મોભી અનિલ પટેલના જીવન આધારિત પુસ્તક-પરિચયનો ઈ-કાર્યક્રમ યોજાયો**

અનિલભાઈના જીવનસાથી અને મહેસાણા વિસ્તારનાં સંસદસભ્ય શારદાબહેન પટેલે જણાવ્યું હતું કે તેઓ સતત સમાજના ઉત્કર્ષ માટે કાર્યરત હતા. તેમની સાથેનાં સ્મરણો વાગોળતાં તેમણે કહ્યું હતું કે અમે પણ તેમના પગલે આગળ ધપી રહ્યાં છીએ.

જાણીતા લેખક, પત્રકાર અને કર્મશીલ રમેશ તન્નાએ અનિલભાઈ પોતાના જીવન-કવન પર આધારિત પુસ્તક 'અનોખા માનવરત્ન તથા જીવનશિલ્પી અનિલભાઈ પટેલ' (લેખકો: ભિખેશ ભટ્ટ, અનિતા અને રમેશ તન્ના) નો વિગતવાર પરિચય આપતાં જણાવ્યું હતું કે તેમણે સમાજની પ્રતિબધ્ધતાના પગલે અનેક મોટાં સામાજિક કાર્યો કર્યાં હતાં. તેઓ અંતરમુખી, નમ્ર, લોકનિષ્ઠ અને સંવેદનશીલ સમાજ સેવક હતા. સર્વ મિત્ર અને અજાત શત્રુ અનિલભાઈ બધાંને સાથે રાખીને કામ કરી શકતા હતા. અનિલભાઈએ વતનપ્રેમના પગલે અમેરિકામાં સ્થાયી થવાની તમામ તક અને પ્રલોભનોને જતાં કરીને વતનમાં પરત કરવાનું નક્કી કર્યું હતું. અનેક પડકારોનો સામનો કરીને તેમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓનું નિર્માણ કર્યું હતું.



આનંદભાઈ પટેલે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું 'નવી સવાર' યુટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ થયું.

## સંક્ષિપ્ત સમાચાર...

### ભાણમેરમાં ભેખળ ધસી પડતાં મહિલાનું મોત

ભિલોડા, બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૯ ભિલોડા તાલુકાના ભાણમેર ગામે માટી ખોદવા સમયે અચાનક ભેખળ ધસી પડતાં થાવરીબેન જીવાભાઈ નિનામા માટી નીચે દબાઈ જતાં મોત નિપજ્યું છે. મહિલા ખોદકામમાં વ્યસ્ત હતી તે સમયે ભેખળનારૂપમાં મોત ત્રાટકતાં પરિવારમાં શોક છવાયો છે. બનાવ અંગે ભિલોડા પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના ભાણમેર ગામના જીવાભાઈ રાજાજી નિનામાના પત્નિ થાવરીબેન તા.૮ના રોજ ઘરેથી સીમાડામાં માટી ખોદવા માટે ગયાં હતાં જ્યાં ખાડામાં ઉપરથી ભેખળ ધસી પડતાં માટીનામલબા નીચે તેઓ દટાઈ ગયાં હતાં. મહિલાને બચાવવાના પ્રયાસ થાય તે અગાઉ માટી નીચે ઘૂંઘળાઈ જવાથી મહિલાનું મોત નિપજ્યું હતું. સીમાડામાં ભેખળ તૂટવાથી મહિલા દબાઈ હોવાની જાણ થતાં અનેક લોકો બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા પરંતુ મહિલાનું માટી નીચે પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું.

### પાલ્લા ગામ પાસે બાઈક ચાલક ટ્રેક્ટરની ટ્રોલી પાછળ ભટકાતા મોત નિપજ્યું

ભિલોડા,તા.૯ અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના પાલ્લા ગામ પાસે ભાણમેર ગામનો આશાસ્પદ યુવાન બાઈક ચાલક ટ્રેક્ટરની ટ્રોલી પાછળ ભટકાતા ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું.ઘટના સ્થળે લોકોના ટોળે - ટોળા એકત્રીત થઈ ગયા હતા.ભાણમેર ગામના રહેવાસી જીજ્ઞેશ અશોકભાઈ નિનામા કામકાજ અર્થે પાલ્લા ગામ તરફ બાઈક લઈને નીકળ્યા હતા તે દરમ્યાન રસ્તાની બાજુમાં ટ્રેક્ટરની ટ્રોલી ઉભી હોઈ બાઈક ચાલક ટ્રેક્ટરની ટ્રોલી પાછળ ધડાકાભેર ભટકાતા આશાસ્પદ બાઈક ચાલક નવયુવાનનું આકસ્મીક મોત નિપજ્યું હતું.પરીવારજનો,સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા.પોલીસએ અકસ્માતના બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

### પ્રાંતિજ પોલીસે દારૂ પીધેલી હાલતમાં એક રીક્ષા ચાલકને ઝડપી પાડયો

પ્રાંતિજ તા.૯ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસે દારૂ પીધેલી હાલતમાં એક રીક્ષા ચાલકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ પ્રાંતિજ પોલીસ સાદોલીયા પાસે સુફલામ્ સુજલામ કેનાલ પાસે વાહન ચેકિંગ દરમ્યાન અનોડીયા તરફથી એક સી.એન.જી રીક્ષા નો ચાલક જયદીપસિંહ પૃથ્વીસિંહ મકવાણા રહે.પોગલુ તા.પ્રાંતિજ. જી.સાબરકાંઠા પોતાની રીક્ષા સાથે આમતેમ લથડીયા ખાતો હોય તેને ઉભો રાખતા તેને પુછતા કોઈ સંતોષ કારક જવાબ ના આપતા દારૂ પીધેલા માં હોશ મા નહી હોય તેની પાસે દારૂ પીવા બદલનુ પરમીટ માગતા મળી નહી આવતા રીક્ષા - GJ09 AX0568 રીક્ષા ચાલક વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસે એમ.વી.એક્ટ કલમ -૧૮૫ મુજબ ગુનોનોધી આગળ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

### ધડકણ ખાતે ટ્રેક્ટર ઉપર બેઠેલ ઈસમ પડી જતાં ટ્રેક્ટરનું ટાયર ફળી વળતા મોત

પ્રાંતિજ તા. ૯ સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ધડકણ ખાતે ટ્રેક્ટર ઉપર બેઠેલ ઈસમનું ટ્રેક્ટર ઉપરથી પડી જતા ટ્રેક્ટર નું ટાયર ફરી વળતા મોત નિપજતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના ધડકણ ખાતે રહેતા મૃતક અજીત ભાઈ સનાભાઈ પટેલ કે તેવો ટ્રેક્ટર લાવ્યા છે અને તેવો ને ટ્રેક્ટર ફાવતું ના હોય તે માટે તેવોએ હેમંતકુમાર ગોવિંદભાઈ પટેલ ને ડ્રાઈવર તરીકે બોલાવ્યા હતાં જેમાં તેવો તા.૭ના સવારના ખેતરોમાં જઈ રહ્યા હતાં અને હેમંતભાઈ ટ્રેક્ટર ચલાવતા હતાં અને અજીત ભાઈ ટ્રેક્ટર ની જમણી સાઈડે પંખા ઉપર બેઠ્યા હતાં અને અજીતભાઈ ના ધરે થી થોડેક દુર આવેલ બળીયા દેવ મંદિર નજીક જતાં ટ્રકટર હેમંતકુમાર ગોવિંદભાઈ પટેલે તેમણા ધરેથી થોડાંક દુર આવેલ બળીયા દેવ મંદિર નજીક જતાં ટ્રેક્ટર ચાલક હેમંતકુમારે એકદમ બ્રેક મારતા અજીતભાઈ ટ્રેક્ટર ઉપરથી નીચે પટકાયા હતા તો નીચે પટકાતા ટ્રેક્ટર વતાઓછી શરીરે ઈજાઓ પોહચી હતી અને ટ્રેક્ટરનું પાછળનું ટાયર માથાના ભાગે ચડી જતાં ઈજાઓ થતા તેવોને સારવાર અર્થે તલોદ ખાતે ખસેડવામાં આવ્યા હતાં જયાં હાજર તબીબી દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતાં તો મૃતક અજીતભાઈ સનાભાઈ પટેલ નું અકસ્માતમાં મોત નિપજ્યું હતું તો અંગેની પોલીસ ફરિયાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મૃતકના કકાકાના દિકરા વિપુલભાઈ નટવરભાઈ પટેલ દ્વારા કરતા પ્રાંતિજ પોલીસે અકસ્માત નો ગુનોનોધી ટ્રેક્ટર ચાલક હેમંતકુમાર ગોવિંદભાઈ પટેલ વિરૂધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી છે.

## અરવલ્લી પોલીસ અંધારામા...!!

# ઈસરી નજીક સ્ટેટ મોનિટરિંગ સેલ ત્રાટકી કારમાં ચાલતી દારૂની લાઈનનો કર્યો પર્દાફાશ

### ૨ કારમાંથી ૨.૨૯ લાખનો દારૂ ઝડપ્યો

મોડાસા, તા. ૯ રાજસ્થાનથી બેઠાબેઠા ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતા કુખ્યાત બુટલેગર ભરત લંગડો ગાંધીનગર બેઠેલા આકાઓ અને સ્થાનીક પોલીસતંત્રના કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ સાથે મીલીભગતથી દારૂની લાઈન ચલાવી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઠાલવી રહ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે રેન્જ આઈજી અભય ચુડાસમા અને એસપી સંજય ખરાતના આગમન પછી અરવલ્લી પોલીસતંત્રએ બુટલેગરો પર તવાઈ બોલાવતા દારૂની લાઈન ચલાવતા બુટલેગરો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતા જ બુટલેગરો સક્રીય થઈ વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે ત્યારે રાજસ્થાન ઉદેપુરના નામચીન બુટલેગર ભરત લંગડાના અરવલ્લીને અડીને આવેલ વીરપુરમાં ગોડાઉનથી દારૂ ભરી ગાડીઓ ગુજરાતમાં ઠલવાતી હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલને મળતા રેલ્લાવાડા નજીક માળકંપા પાસે જીલ્લા પોલીસતંત્રને ઉંઘતી રાખી બે દારૂ ભરેલી કાર સાથે એક ખેપીયાની ધરપકડ કરતા જીલ્લા પોલીસતંત્રમાં હડકંપ મચ્યો હતો નવાઈની વાત તો એ છે કે દારૂની ડીલેવરી ધનસુરાના શીકા ચોકડી પર રોહીત નામના બુટલેગરને આપવાની હોવાનું ખેપીયાએ કબુલ્યું હતું.

સ્ટેટ મોનેટરીંગ સેલની ટીમે એસઆરપીની ટુકડી સાથે અરવલ્લી જીલ્લાના ઈસરી




પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભરત લંગડાની ચાલતી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરતા જીલ્લા પોલીસતંત્રના બાહોશ અધિકારીઓ અને કર્મચારીઓની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા છે

સ્ટેટ મોનેટરીંગ સેલને નામચીન બુટલેગર ભરત લંગડો અને તેના સાગરીતો અરવલ્લી જીલ્લાના અંતરિયાળ માર્ગો પરથી વિદેશી દારૂ ઠલવાતો હોવાની બાતમી મળતા રાજસ્થાનને અડીને આવેલ ઈસરી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં એસઆરપી જવાનો સાથે અલગ-અલગ ટીમ બનાવી વોચ ગોઠવી હતી માળકંપા પાસે રાજસ્થાન તરફથી બલેનો કાર આવતા પોલીસે સ્કોર્પિઓ ગાડી આડાશ કરી અટકાવતા કાર ચાલકે સ્કોર્પિઓને ટક્કર મારતા કાર અટકી જતા સ્ટેટ મોનીટરીંગ સેલે ડ્રાઈવર મનીષ ઉર્ફે મંગલા જીવાજી ધોગરા ને ઝડપી પાડી કારમાંથી રૂ.૧૧૩૯૦૦૦/- જથ્થો જપ્ત કર્યો હતો અન્ય સ્વીફ્ટ કાર પણ દારૂ ભરેલી આવી પહોંચતા તેને અટકાવવાનો પ્રયત્ન કરતા સ્કોર્પિઓને ટક્કર મારી ખાડામાં ઉતરી જતા કારમાં રહેલા બે ખેપીયા નાસી છૂટતા કારમાંથી ૧.૧૬ લાખનો જથ્થો જપ્ત કર્યો હતો હજુ તો સ્વીફ્ટ કાર ને અટકાવી હતી ત્યાં ફોર્ડ ફિગો કારમાં દારૂ ભરી આવી રહેલ કારને અટકવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ બુટલેગરો ફુલસ્પીડમાં કાર હંકારી મુકતા સ્ટેટ મોનેટરીંગ સેલની ટીમને બે કારમાંથી દારૂ ઝડપી પાડવામાં સફળતા મળી ભરત લંગડા અને તેના સાગરીતો દ્વારા ચલાવતી દારૂની ખેપનો પર્દાફાશ કર્યો હતો સ્ટેટ મોનેટરીંગ સેલની ટીમે ખેપિયાની પૂછપરછ કરતા દારૂ ભરેલી કાર મોડાસા-ધનસુરા રોડ પર આવેલ શિકા ચોકડી પર રોહીત નામના બુટલેગરને આપવાની હોવાનું જણાવ્યું હતું સ્ટેટ મોનીટરીંગ સેલે ઈસરી પોલીસ સ્ટેશને વિદેશી દારૂ અને કાર સહીત મુદ્દામાલ મળી કુલ.રૂ. ૯૯૩૯૦૦/- નો જથ્થો સુપ્રત કર્યો હતો.

ઈસરી પોલીસે ૧) મનીષ ઉર્ફે મંગલા જવાજી ધોગરા,૨) રવીન્દ્રસિંહ ઉર્ફે રવિ વિક્રમસિંહ રાજવત,૩) લાડુ,૪) બલવંતસિંહ ઉર્ફે બાપુ,૫) ભરત ડાંગી , ૬) શકાજી, ૭) શીકા ચોકડી પર દારૂ મંગાવનાર રોહીત અને પકડાયેલ વાહનના માલીકો અને તપાસમાં જે નામ ખુલે તેમની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# નાનાચેખલામાં આશાપુરા માતાજીનો પાટોત્સવ સંપન્ન



સરડોઈ, તા.૦૯ તલોદ તાલુકાના નાનાચેખલા ગામે આશાપુરા માતાજીનો ૧૩મો પાટોત્સવ શ્રદ્ધાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે હવન તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવતાં સ્થાનિક ગ્રામજનો તેમજ આસપાસના ગામોના ધર્મપ્રેમી શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન તેમજ પ્રસાદનો લાભ લીધો હતો. આશાપુરા સેવા ટ્રસ્ટ નાનાચેખલાના હોદ્દેદારો તેમજ માં આશાપુરાના ભક્તોના સહયોગથી પાટોત્સવ વિધિ સંપન્ન થઈ હતી.

# ડુંગરી ખાતે પાટીદાર સેવા સમિતિ દ્વારા અનાજની રાશન કિટ અપાઈ




નેત્રામલી, તા. ૯ પાટીદાર સેવા સમિતિ, હિંમતનગર દ્વારા ગરીબ લોકોને તેમજ વિધવા નિરાધાર લોકોના ધરે જઈને અનાજ, તેલ, કઠોળ, મસાલા વિગેરે ચીજવસ્તુઓ આપે છે. જેમાં ઈડર તાલુકાના ડુંગરી ગામ ખાતે સંસ્થાના પ્રતિનિધિ અંબાલાલ પટેલ - હિંગળાજ, તથા ડુંગરી ગામના સરપંચ મુમતાઝબેન મનસુરીની હાજરીમાં આપવામાં આવ્યું. સંસ્થાના સેવાભાવી ભાઈઓ શાંતિભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ હિંમતનગર ખાતેથી આવી ગામના દરજી સમુબેન પીતાંબરભાઈ ને અનાજની કીટ આપી હતી.